# જલારામ સેવા સમાજ ઓફ નોર્થ અમેરિકા

**ઓં શ્રી ગણેશાય નમઃ**

**જય જલારામ જય સીતારામ**

પ્રિય સ્વજનો

આજની વૈશ્વિક સમસ્યા આપ સહુને વિદિત છે.કોરોના નામના અદ્રૃશ્ય રાક્ષસના વાયરસે કરોડોની સંખ્યામાં લોકોને તેના ભરડામાં લઈ લીધા છે. અસંખ્ય લોકો અકાળે મૃત્યુના મુખમાં ધકેલાઇ ગયા છે. માનવજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. માનવ મોતની હારમાળા સર્જાઈ ગઈ છે. લોકોની ગતિ-પ્રગતિ, ધંધા રોજગાર બધું સ્થગીત થઈ ગયું છે. રોજ બરોજની કમાણીથી પેટ ભરતો વિશાળ વર્ગ આપણા દેશમાં છે અને આજે આપણો ભારત દેશ સહુથી વધુ વિકટ પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે. આ અદ્રૃશ્ય યમદૂતના આક્રમણથી બચવા લોકો પરસ્પર મદદ કરી રહ્યા છે તો ચાલો ! આપણે પણ આપણી નૈતિક ફરજ બજાવીએ. કેમકે

" ન જાણ્યું જાનકીનાથે, કાલે સવારે શું થવાનું છે ?"

જીવન મરણમાં ઝોલા ખાતા, આપણા દેશ બંધુઓને " ફૂલ નહિને ફૂલની પાંખડી " આપી, મદદ માટે હાથ લંબાવવા, આપ સહુને નમ્ર નિવેદન કરીએ છીએ. આપની એક એક પાઈનો સદુપયોગ થશે. આ સત્કાર્યમાં અનિષ્ટ તત્વો દૂર રહે, તેવી જલારામબાપાને પ્રાર્થના કરીએ છીએ. અને આપ સહુના સાથથી નિઃસ્વાર્થ, નિષ્કામ સેવાનો પ્રયત્ન કરીએ છીએ.

વિશેષરૂપે ત્યાંની તાત્કાલીક જરૂરીઆત મુજબ ત્વરીત મેડીકલ સપ્લાય પહોંચાડવાનો છે જે સામાન્ય વર્ગને ઉપલબ્ધ નથી. જેમકે " ઓકસીજન કોન્સનટ્રેટર્સ, પલ્સ ઓક્સીમીટર્સ, વેન્ટીલેટર્સ અને બીજા ક્રીટીકલ મેડીકલ ઈક્વીપમેન્ટસ ". ઉપરાંત ચેરીટેબલ નોનપ્રોફીટ ઓર્ગેનાઈઝેશન વ્દારા ગરીબ વર્ગને અનાજ પહોંચાડવાનો પણ પ્રયત્ન ચાલે છે.

" જનસેવા એ પ્રભુસેવા" ને લક્ષમાં રાખી, જલારામબાપાની જેમ નિઃસ્વાર્થ સેવાના, સત્કાર્યમાં સાથ આપવા " જલારામ સેવા સમાજ ઓફ નોર્થ અમેરિકા" આપ સહુને નમ્ર વિનંતિ કરે છે આપના ટેક્ષ ડીડક્ટેબલ ડોનેશન માટે અમારી વેબસાઈટ "Jalaram.Org " ઉપર ડોનેટ બટન પ્રેસ કરશો આપની શક્તિ મુજબ અમૂલ્ય સેવા કરશો, અને રેફરંસમાં " કોવિડ ૧૯ ઈન્ડિયા સપોર્ટ પ્રોજેક્ટ" નોટ લખશો.

અંતમાં પૂ.જલારામ બાપાને પ્રાર્થના કરીએ છીએ કે વિશ્વમાંથી આ ભયંકર ભૂતને ભગાડે અને દુનિયાના તમામ જનજીવનને પૂર્વવત કરી આપે, સહુને સ્વસ્થ અને સુરક્ષીત રાખે.

આપ સહુને જલારામ સેવા સમાજ ઓફ નોર્થ અમેરિકાના જય જલારામ જય સીતારામ




Please send your donation to:

**Jalaram Seva Samaj of North America**
114 Cortelyous Lane, PO Box 5366, Somerset, NJ 08875
(866) 525-2726   Website: Jalaram.org,   Facebook: jalaramsevasamajnj